પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર


E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૫૮, કુલ પાના:૪, તારીખ: ૨૮-૧૦-૨૦૨૦ બુધવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 58 PRICE :-RS. 1.50 DATE : 28-10-2020
EDITOR, PRINTER PUBLISHER & OWNER : AJAY KANTILAL PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
Whatsapp No.9712880678
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

પંચમહાલ સમાચાર
ઈ-પેપર જોવા વોટ્સએપ પર
નામ લખી મેસેજ કરો.
મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### ભારત-અમેરિકા વચ્ચે ૨+૨ સંવાદ થયો

## ભારત-અમેરિકા વચ્ચે ઐતિહાસિક BECA સહિત પાંચ મોટા કરાર



ન્યુ દિલ્હી,
ભારત અને અમેરિકા વચ્ચે ઐતિહાસિક BECA કરાર પર હસ્તાક્ષર થઈ ગયા છે. આજે બંને દેશો વચ્ચે ૨+૨ સંવાદ થયો જેમાં સૈન્ય કરાર BECA સહિત ૫ મોટા કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા. રક્ષામંત્રી રાજનાથ સિંહે પત્રકાર પરિષદમાં આ માહિતી આપી. બેઠકમાં બંને દેશના રક્ષામંત્રીઓ અને વિદેશમંત્રીઓ મળ્યા હતા. અમેરિકી વિદેશમંત્રી માઈક પોમ્પિઓ, રક્ષામંત્રી માર્ક એસ્પર, આજે હૈદરાબાદ હાઉસમાં બેઠક માટે પહોંચ્યા હતા.

ભારત અને અમેરિકા વચ્ચે BECA કરાર પર હસ્તાક્ષર થયા. રક્ષા મંત્રાલયના અધિક સચિવ જીવેશ નંદને ભારત તરફથી કરાર પર હસ્તાક્ષર કર્યા. રક્ષામંત્રી રાજનાથ સિંહે અમેરિકા સાથે BECA પર હસ્તાક્ષરને એક મહત્વપૂર્ણ ઉપલબ્ધિ ગણાવી અને કહ્યું કે તેનાથી સૂચના શેરિંગમાં નવા રસ્તા ખુલશે. ભારત યુએસ સાથે આગળના મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે ઉત્સુક છે.

ભારત અને અમેરિકા વચ્ચે ૨ પ્લસ ૨ બેઠક ખુબ મહત્વની છે. જ્યાં બંને દેશો વચ્ચે રક્ષા અને વિદેશમંત્રીઓએ પરસ્પર અનેક વિષયો પર મનોમંથન કર્યું. બંને દેશો વચ્ચે BECA પર સહમતિ બની છે. ત્યારબાદ હવે બંને દેશો પરસ્પર મિલેટ્રી જાણકારીઓ શેર કરી શકશે. સેટેલાઈટ અને અન્ય મહત્વના આઈટપુટ્સ કોઈ પણ રોકટોક વગર બંને દેશ એકબીજાને આપી શકશે.

વાતચીત શરૂ થતા પહેલા અમેરિકી વિદેશમંત્રી માઈક પોમ્પિઓએ દિલ્હી સ્થિત વોર મેમોરિયલ પહોંચીને શહીદોને શ્રદ્ધાંજલિ આપી હતી. આ દરમિયાન તેમની સાથે અમેરિકાના રક્ષામંત્રી માર્ક એસ્પર પણ હાજર રહ્યા હતાં.

ભારત-અમેરિકા ૨+૨ વાર્તા બાદ સંયુક્ત પ્રેસ કોન્ફરન્સમાં અમેરિકી વિદેશ મંત્રી માઈક પોમ્પિયોએ ચીનની કમ્યૂનિસ્ટ પાર્ટીને લોકતંત્ર અને પારદર્શિતાનું દુશ્મન ગણાવી દીધું છે. તેમણે કહ્યું કે, ભારત અને અમેરિકા ન માત્ર ચાઈનીઝ કમ્યૂનિસ્ટ પાર્ટી તરફથી ઉભા કરવામાં આવેલા ખતરા પરંતુ બધા પ્રકારના ખતરા વિરુદ્ધ આપસી સહયોગને મજબૂત કરવા માટે પગલા ભરવામાં આવી રહ્યાં છે. એટલું જ નહીં તેમણે ગલવાન ઘાટીમાં શહીદ થયેલા ૨૦ ભારતીય જવાનોનો ઉલ્લેખ કરતા કહ્યું કે, અમેરિકા ભારતના લોકોની સાથે ઊભુ રહ્યું. ચીને તેના પર વિરોધ નોંધાવ્યો છે અને કહ્યું કે, અમેરિકાએ પેઈચિંગ અને ક્ષેત્રીય દેશો વચ્ચે વિવાદ ઉભો કરવાનું બંધ કરવું જોઈએ.

અમેરિકી વિદેશ મંત્રીએ ચીનની તાનાશાહી સત્તાધારી કમ્યૂનિસ્ટ પાર્ટી પર સીધો હુમલો કરતા કહ્યુ- 'અમારા નેતા અને નાગરિક ખુબ સ્પષ્ટ રીતે જોઈ રહ્યા છે કે ચાઈનીઝ કમ્યૂનિસ્ટ પાર્ટી લોકતંત્ર, કાયદાનું શાસન, પારદર્શિતા.. ની મિત્ર નથી. મને તે કહેતા ખુશી છે કે ભારત અને અમેરિકા ન માત્ર સીસીપી તરફથી ઉભા કરવામાં આવી રહેલા ખતરા પરંતુ બધા પ્રકારના ખતરા વિરુદ્ધ સહયોગને મજબૂત કરવા તમામ પગલા ભરી રહ્યાં છે.'

સંયુક્ત મીડિયા સંબોધનમાં અમેરિકી વિદેશ મંત્રીએ પૂર્વી લદ્દાખની ગલવાન ઘાટીમાં જૂન મહિનામાં થયેલ હિંસક ઘર્ષણનો ઉલ્લેખ કર્યો હતો. પોમ્પિયોએ કહ્યુ કે, યાત્રા દરમિયાન તેમણે સૌથી મોટા લોકતંત્ર માટે પોતાના જીવનનું બલિદાન આપનારા સૈનિકોને સન્માન આપવા માટે વોર મેમોરિયલનો પ્રવાસ કર્યો. તે બલિદાનિયોમાં તે ૨૦ પણ સામેલ છે જેણે જૂનમાં ગલવાન ઘાટીમાં ચીનની પીએલએ સામે ટક્કર આપવા કુર્બાની આપી હતી.

૨+૨ વાતચીત દરમિયાન અમેરિકી પક્ષે ભારતને તે વિશ્વાસ અપાવ્યો કે તેની સંપ્રભુતા અને સ્વતંત્રતા માટે જે પણ ખતરો હશે તેની વિરુદ્ધ અમેરિકા હંમેશા સાથે ઊભુ રહેશે. પોમ્પિયોએ ભાર આપીને કહ્યુ- ભારતની સંપ્રભુતા અને ભારતીયોની આઝાદીને લઈને જે પણ ખતરા હશે, જેમાં અમેરિકા ભારતની સાથે ઊભુ રહેશે.

### મોદી સરકારનો મોટો નિર્ણય

## હવે સિંગલ મેલ પેરેન્ટને પણ મળશે ચાઈલ્ડ કેર લીવ

ન્યુ દિલ્હી,
કેન્દ્રીય મંત્રી જિતેન્દ્ર સિંહે સોમવારના રોજ જાહેરાત કરી છે કે, હવે સિંગલ મેલ પેરેંટ સરકારી કર્મચારીને પણ ચાઈલ્ડ કેયર લિવની સુવિધા મળશે. તેમણે કહ્યુ હતું કે, ચાઈલ્ડ કેર લીવની સુવિધા અત્યારે ફકત એવા કર્મચારીઓને મળશે જે સિંગલ પેરેંટ છે અથવા છૂટાછેડા, વિધુર અથવા અવિવાહીતોને પણ લાભ મળશે. મંત્રીએ આ નિર્ણયને અભૂતપૂર્વ ને પ્રગતિવાદી સુધારો બતાવતા કહ્યુ છે કે, તેનાથી સરકારી કર્મચારીઓને મોટો ફાયદો થશે. આ સંબંધિત આદેશ થોડા સમય પહેલા જ આપવામાં આવ્યો છે. પણ અમુક કારણોસર તેને જાહેર કરવામાં આવ્યો નહોતો.

આ અંતર્ગત વધારે છૂટ આપતા કેન્દ્રીય મંત્રીએ કહ્યુ હતું કે, જે કર્મચારી ચાઈલ્ડ કેર લીવ પર જવા માગે છે, તેને પ્રાયર અપ્રુવલ આપવામાં આવી રહ્યુ છે. સાથે જ તે કર્મચારી લીવ ટ્રાવેલ અલાઉંસનો ફાયદો પણ ઉઠાવી શકશે. તેમણે જણાવ્યુ છે કે, પ્રથમ વર્ષમાં સમગ્ર પેડ લીવને ચાઈલ્ડ કેયર લીવ તરીકે ઉપયોગ કરી શકશે. તો વળી બીજા વર્ષે અમુક પેડ લીવનો ૮૦ ટકા ભાગ ચાઈલ્ડ કેર લીવ તરીકે ઉપયોગ કરી શકશે.

જિતેન્દ્ર સિંહ વધુ એક સુધારા વિશે જણાવતા કહ્યુ છે કે, હવે દિવ્યાંગ બાળકોની દેખરેખ રાખવા માટે કોઈ પણ સરકારી કર્મચારી ગમે ત્યારે ચાઈલ્ડ કેર લીવ લઈ શકે છે. પહેલા તેના માટે વધુમાં વધુ ઉમર ૨૨ વર્ષ સુધી નક્કી કરેલી હતી. જો કે, હવે આ નિયમમાં ફેરફાર કર્યો છે.

## મુંબઈમાં આતંકવાદી હુલમાની ચેતવણી, પોલીસે ડ્રોન પર પ્રતિબંધ લગાવ્યો

મુંબઈ,
દેશના આર્થિક પાટનગર મુંબઈમાં મોટા આતંકવાદી હુમલા થવાની આશંકાના ઈનપુટ મળ્યા બાદ મુંબઈ પોલીસે શહેરમાં ડ્રોન ઉડાવવા પર પ્રતિબંધ લગાવી દીધો છે. આ મામલે મુંબઈ પોલીસે આદેશ જાહેર કરીને કહ્યું કે, ઈન્ટેલિજન્સ બ્યુરોના ઈનપુટ પ્રમાણે આવનારા તહેવારના દિવસોને ધ્યાનમાં રાખીને આગામી સમયમાં આતંકવાદી અથવા એન્ટી સોશિયલ એલિમેન્ટ્સ ડ્રોન અથવા તો રિમોટ ઓપરેટેડ લાઈટ એર ક્રાફ્ટ, એર મિસાઈલ અથવા તો પેરાગ્લાઈડરસના ઉપયોગ કરીને આતંકવાદી હુમલો કરી શકે છે, જેના ટારગેટ પર ફફૈં અથવા તો ભીડભાડવાળી જગ્યા હોઈ શકે છે. જેને ધ્યાનમાં રાખીને કોઈ પણ ફ્લાઈંગ ઓબ્જેક્ટને ઉડાવવા પર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે.

મુંબઈમાં અત્યાર સુધીનો સૌથી મોટો આતંકવાદી હુમલો ૨૬ નવેમ્બર ૨૦૧૮ના રોજ થયો હતો. પાકિસ્તાનથી આવેલા આતંકવાદીઓએ મુંબઈના કેટકેટલાક ઠેકાણાઓ પર આતંકવાદી હુમલા કર્યા હતા. જેમાં ૧૭૪ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા હતા જ્યારે ૩૦૦થી વધારે લોકો ઈજાગ્રસ્ત થયા હતા.

આગામી મહીનામાં નવેમ્બર મહીના દરમિયાન દેશભરના લોકો તહેવારોના મૂડમાં હશે અને મુંબઈ પોલીસને મળેલી બાતમી અનુસાર આ તહેવારની સીઝન દરમિયાન આતંકવાદી હુમલો થઈ શકે છે. એવામાં સાવધાની વર્તતા મુંબઈ પોલીસે પહેલેથી જ ડ્રોન ઉડાવવા પર પ્રતિબંધ લગાવી દઈને સુરક્ષા બંદોબસ્ત વધુ મજબૂત બનાવી દીધું છે.

## હાર્દિક શ્રધ્ધાંજલિ

રહેવાને સદા આ દુનિયામાં કોઈ આવતું નથી, પરંતુ તમો ગયા તેમ કોઈ જતુ નથી.
વિદાય એવી લીધી કે મન હજુ માનતુ નથી. કે આ દુનિયામાં તમો નથી.
તમારી વસમી વિદાયને આજે અમો વિસરી શકવા અશકિતમાન છીએ.
અંજલી આપતા હૈયુ તુટે છે, ચહેરો યાદ આવતા અશ્રુ છુટે છે, સ્વીકારજો તમો અમ
સ્નેહીજનોની અંતરની સ્મરણાંજલી. વિશ્વકર્મા દાદા તમારા આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના.



**સ્વ. અજયકુમાર કાંતિલાલ પંચાલ**
**જન્મ તા.૨૬/૧૨/૧૯૬૪ | સ્વ.તા.૨૩/૧૦/૨૦૨૦**

લી.
સ્વ. કાંતિલાલ પરસોત્તમદાસ પંચાલ | ગં.સ્વ.કલાવતીબેન કાંતિલાલ પંચાલ
દિલીપભાઈ જયંતિલાલ પંચાલ
પ્રવીણકુમાર પરસોત્તમદાસ પંચાલ | કુંજલતાબેન પ્રવીણકુમાર પંચાલ
વિજયકુમાર કાંતિલાલ પંચાલ | ભગવતીબેન વિજયકુમાર પંચાલ
ગં.સ્વ. આશાબેન અજયભાઈ પંચાલ
કૌશલ વિજયભાઈ પંચાલ | કિંજલ કૌશલભાઈ પંચાલ
કમલ વિજયભાઈ પંચાલ | દિપીકા કમલ પંચાલ
કરણ અજયભાઈ પંચાલ | ઉન્નતી રાજેશભાઈ પંચાલ
સૌરભકુમાર રાજેશભાઈ પંચાલ | વૈશ્નવી અજયકુમાર પંચાલ
અમુલ પ્રવીણભાઈ પંચાલ | હેતલ અમુલભાઈ પંચાલ
જીજ્ઞેશકુમાર હસમુખભાઈ પંચાલ | તેજલબેન જીજ્ઞેશકુમાર પંચાલ
મોક્ષા કૌશલ પંચાલ, દ્વિવ્શા કમલ પંચાલ, આયુષી અમુલભાઈ પંચાલ, શીવ જીજ્ઞેશકુમાર પંચાલ, ગૌતમી પંચાલ



# મહીસાગર જીલ્લામાં ગ્રામ્ય કક્ષાએ નવી જમીન ચકાસણી પ્રયોગશાળા બનાવવા અંગે જિલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઇ



તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા,
ખેડૂતોની આવક વધારવા માટે અને કૃષિ ઉત્પાદનમાં વધારો થાય તે માટે મહીસાગર જીલ્લામાં ગ્રામ્ય કક્ષાએ નવી જમીન ચકાસણી પ્રયોગશાળા બનાવવા અંગેની સમીક્ષા બેઠક જિલ્લા સેવા સદનના વિડીયો કોન્ફરન્સ હોલ ખાતે મહીસાગર જિલ્લા કલેકટર આર.બી.બારડના અધ્યક્ષ સ્થાને અને જિલ્લા ખેતીવાડી અધિકારી સુમિત પટેલ, બાગાયત અધિકારી સી.કે.પટેલીયા, નાયબ વિસ્તરણ અધિકારી જે.ડી.પટેલની ઉપસ્થિતિમાં યોજાય હતી.

આ બેઠકને સંબોધતા જિલ્લા કલેક્ટરએ જણાવ્યું હતું કે, મહીસાગર જિલ્લામાં જમીન ચકાસણી પ્રયોગશાળાની સ્થાપના થતા જિલ્લાના ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ (Soil health card) જમીનનો પ્રકાર, જમીનમાં પોષક તત્વોની લભયતા, જમીનની ફળદ્રુપતા, જમીનમાં ખારાશ અને ભામિકતા વગેરે માહિતી મળશે. છેલ્લા કેટલાક વર્ષો દરમ્યાન ગુજરાતને ખેતીમાં નોંધપાત્ર વિકાસ સાધ્યો છે. પાક ઉત્પાદનનો આધાર જમીનના સ્વાસ્થય અને તેની ફળદ્રુપતા ઉપર છે. જમીન સ્વાસ્થય જાળવવા માટે જમીનની ચકાસણી કરવી એ પાયાની બાબત બને છે, જમીન ચકાસણી પ્રયોગશાળા દ્વારા જમીનનું પૃથક્કરણ કરી તેના પૃથક્કરણ આધારિત જમીનમાં કયા તત્વો કેટલા પ્રમાણમાં આવેલા અને લેવાનાર કયા પાક માટે કેટલા તત્વો કેટલા પ્રમાણમાં આપવા જરૂરી છે તે જાણી શકાય છે. વધુમાં જમીન પ્રયોગશાળા બનાવવા અંગે થયેલ કામગીરી માટે ઉપસ્થિત સંબંધિત અધિકારીઓ સાથે જરૂરી ચર્ચા વિચારણા કરી જરૂરી સલાહ સૂચન આપી સમીક્ષા કરી હતી.

# અંદાજે ૭૦૦ કરોડના ખર્ચે બેટ દ્વારકાને જોડતો સિગ્નેચર બ્રિજ ૨૦૨૨ સુધીમાં તૈયાર થશે



દેવભૂમિ દ્વારકા,
પ્રખ્યાત એવા યાત્રાધામ દ્વારકામાં ભગવાન દ્વારકાધીશનું પૌરાણિક મંદિર આવેલુ છે. ગુજરાત અને ભારત ભરમાંથી વર્ષે લાખો શ્રદ્ધાળુઓ દ્વારકાધીશના દર્શન કરવા માટે આવે છે. એવી માન્યતા છે કે, દ્વારકાધીશના દર્શન કરવા આવો અને બેટ દ્વારકાના દર્શન ના કરો તો તમારી યાત્રા અધૂરી રહે છે. આથી દ્વારકા આવતા યાત્રાળુઓ બેટ દ્વારકા અવશ્ય જાય છે કે જે અરબી સમુદ્રમાં ટાપુના સ્વરૂપમાં આવેલું છે. જ્યાં જવા માટે સાડા ૪ કિલોમીટર લાકડાની બોટ વડે દરિયાઈ સફર ખેડવી પડે છે.

બેટ દ્વારકા ભગવાન દ્વારકાધીશની સાથે-સાથે શીખ અને મુસ્લિમ તીર્થસ્થાનો પણ આવેલા છે બેટ-દ્વારકા દર્શન કરવા જતા યાત્રાળુઓની સુવિધા માટે મોદી સરકાર દ્વારા ૨૦૧૮ થી ઓખા બેટ દ્વારકા વચ્ચે ૪.૭ કિમી લાંબો અને ૩૦ મીટર પહોળો અંદાજે ૭૦૦ કરોડના ખર્ચે સિગ્નેચર બ્રિજ બનાવવાનું કામ શરૂ કરવામાં આવ્યું છે.

હંગ્રી, તાઈવાન અને ભારતના એન્જીનીયરો દ્વારા તૈયાર કરવામાં આવેલા ડિઝાઈન અને ભારતની એસ પી સિંગલા નામની કંપનીને આ અદભુત સિગ્નેચર બ્રિજ બનાવવાનું કામ સોંપવામાં આવ્યું છે.

સિગ્નેચર બ્રિજ બનાવવા માટે લગભગ ૬૦૦ જેટલા મજૂરો અને ૧૫૦ ઈજનેરનો સ્ટાફ ૨૪ કલાકની મહેનત બાદ લગભગ એપ્રિલ ૨૦૨૨ સુધીમાં આ પૂલને તૈયાર કરી લોકો માટે ખુલ્લો મુકવામાં આવશે.

સિગ્નેચર બ્રિજ ફોર ટ્રેકની સાથે સાથે બંને તરફ દોઢ - દોઢ મીટર ચાલીને જતા યાત્રાળુઓ માટે પણ સુંદર વ્યવસ્થા ઉભી કરવામાં આવશે. તે ઉપરાંત સિગ્નેચર બ્રિજ પર સોલાર પેનલ દ્વારા એક મેગાવોટ વીજ ઉત્પાદન થઈ શકે તેવી પણ સુવિધા ઉભી કરવામાં આવશે.

## સિંગતેલના ડબ્બાનો ભાવ ૨૩૬૦ રૂપિયાએ પહોંચ્યો

# સીંગતેલના ભાવમાં ભડકો: ડબ્બે ૩૦ રૂપિયાનો વધારો થયો

રાજકોટ,
રાજકોટમાં સિંગતેલના ભાવમાં ફરીથી વધારો થયો છે. સીંગતેલના ભાવમાં ડબ્બે ૩૦ રૂપિયાનો વધારો થયો છે. સિંગતેલના ડબ્બાનો ભાવ ૨૩૬૦ રૂપિયા પર પહોંચી ગયો છે. મગફળીની માંગ કરતા ઓછી આવક હોવાના કારણે તેલના ભાવમાં વધારો થઈ રહ્યો છે. દિવાળી ટાંણે જ સિંગતેલમાં વધારો થતા ગૃહિણીઓનું ઘરનું બજેટ ખોરવાઈ જશે. સાથે જ કોરોનાને કારણે લોકોની આવક પર અસર પડી છે, આવામાં લોકોની ખરીદી પર પણ અસર પડશે.

દિવાળીએ જ સિંગતેલના ભાવમાં વધારો થયો છે. ત્યારે હવે તહેવાર પર જ સિંગતેલના ભાવ પર અસર પડી છે. ગુજરાત પહેલેથી જ મગફળીના ઉત્પાદનનું મોટુ કેન્દ્ર રહ્યું છે. આ વર્ષે ૨૧ લાખ હેક્ટરમાં મગફળીનું વાવેતર થયુંહતું. પરંતુભારે વરસાદને કારણે મગફળીના વાવેતર પર અસર પડી હતી. ત્યારે આ વર્ષે ઉત્પાદન માત્ર ૩૨ થી ૩૫ લાખ ટનની આસપાસ થયું છે. જેની સિંગતેલના ભાવ પર પણ અસર પડી છે.

તેલના વેપારીઓનું કહેવું છે કે, મગફળીની તીવ્ર અછત અને નજીકમાં આવી રહેલા તહેવારોના કારણે સિંગતેલમાં તેજીનો માહોલ સર્જાયો છે. હાલમાં મગફળીના માલ પર પક્કડ વધતાં બજારમાં માલ મળતો ઓછો થઈ ગયો છે. આ માત્ર સિંગતેલ જ નહીં પરંતુ અન્ય ખાદ્યતેલમાં પણ કડાકો જોવા મળી રહ્યો છે.

# ગુજરાતી ફિલ્મોના સુપરસ્ટાર નરેશ કનોડિયા પંચમહાભૂતમાં વિલિન



ગાંધીનગર,
ગુજરાતી ફિલ્મોના સુપરસ્ટાર રહી ચૂકેલા અને પૂર્વ ધારાસભ્ય એવા નરેશ કનોડિયા કોરોનાને કારણે સારવાર દરમિયાન મોત થયું હતુ. મોટાભાઈ મહેશ કનોડિયાના નિધનના ત્રીજા દિવસે નાનાભાઈ નરેશ કનોડિયાનું પણ નિધન થયું હતુ. નરેશ કનોડિયાના પાર્થિવદેહના ગાંધીનગર સ્મશાનગૃહ ખાતે અંતિમ સંસ્કાર કરાયા હતા. થોડા દિવસ પહેલા જ તેઓ કોરોનાથી સંક્રમિત થયા હતાં જે બાદ તેમને અમદાવાદની યુએન હોસ્પિટલમાં દાખલ કરાયાં હતાં જ્યાં તેમને અંતિમ શ્વાસ લીધા છે.


ગુજરાતી ફિલ્મ અભિનેતા નરેશ કનોડિયાએ ૭૭ વર્ષીય ઉંમરે અંતિમ શ્વાસ લેતા છેલ્લા ૨ દિવસમાં 'મહેશ-નરેશ' બંધુ બેલડી ખંડિત થઈ છે. તમને જણાવીએ કે રવિવારે નરેશ કનોડિયાના ભાઈ મહેશ કનોડિયાનું નિધન થયું હતું, જો કે સારવાર દરમિયાન તેમની તબિયત લથડી હતી અને તેમના દિકરા તથા ગુજરાતી ફિલ્મ અભિનેતા હિતુ કનોડિયાએ પણ તેમના ચાહકોને તેમના સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરવાની અપીલ કરી હતી. પહેલા મોટાભાઈ મહેશ કનોડિયા અને આજે નરેશ કનોડિયાનું કોરોનાની સારવાર દરમ્યાન હોસ્પિટલમા નિધન થયું છે. ઉલ્લેખનીય છે કે ૨૦ ઓક્ટોબરે નરેશ કનોડિયાનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જેને પગલે તેમને સારવાર અર્થે અમદાવાદની યુ.એન. મહેતા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

૨૨ ઓક્ટોબરે યુ.એન. મહેતા હોસ્પિટલમાંથી નરેશ કનોડિયાની એક તસવીર સામે આવી હતી, જેમાં તેઓ બેડ પર ઓક્સિજન માસ્ક સાથે સારવાર લેતા જોવા મળ્યા હતા. આ પહેલા દેશ અને ગુજરાતમાં કોરોના વાઈરસનો પ્રથમ કેસ સામે આવ્યો ત્યારે નરેશ કનોડિયાએ ઢોલ વગાડીને 'ભાગ કોરોના ભાગ, ભાગ કોરોના ભાગપતારો બાપ ભગાડે' ગીત ગાઈને લોકોનું ધ્યાન પોતાના તરફ આકર્ષિત કર્યુ હતું. નરેશ કનોડિયાનો જન્મ ૨૦ ઓગસ્ટ ૧૯૪૩ના રોજ મોઢેરાથી નજીક આવેલા મહેસાણા જિલ્લાના કનોડા ગામમાં થયો છે. નરેશ કનોડિયાએ ફિલ્મ 'વેલીને આવ્યા ફૂલ'થી એક્ટિંગ કરિયરની શરૂઆત કરી હતી. નરેશ કનોડિયાએ અનેક હિટ ગુજરાતી ફિલ્મ આપી છે. નરેશ તથા ગુજરાતી એક્ટ્રેસ સ્નેહલતાની જોડી હતી, જેમણે અનેક હિટ ગુજરાતી ફિલ્મમાં સાથે કામ કર્યું છે. નરેશ કનોડિયાએ રીમા સાથે લગ્ન કર્યા હતા.

નરેશ કનોડિયાએ અત્યાર સુધીમાં ૧૨૫થી વધુ ફિલ્મોમાં કામ કર્યુ હતુ. તેમણે હિરણને કાંઠે, મેરુ માલણ, ઢોલામારુ, મોતી વેરાણા ચોકમા, પાલવડે બાંધી પ્રીત, પરદેશી મણિયારો, વણઝારી વાવ, તમે રે ચંપો ને અમે કેળ, જોડે રહેજો રાદ, પારસ પદમણી, કાળજાનો કટકો, બેની હું તો બાર વરસે આવીયો, વટ, વચન ને વેર, લાડી લાખની સાયબો સવા લાખનો જેવી અનેક સફળ ફિલ્મો આપી. નરેશ કનોડિયાને દાદાસાહેબ ફાળકે એકેડમી એવોર્ડ પણ મળેલો છે. ૨૦૧૨માં ભારતીય સિનેમા જગતને સો વર્ષ પૂર્ણ થવાની ખુશાલીમાં મુંબઈ ખાતે યોજાયેલ એક સમારંભમાં દિલીપકુમાર, અમિતાભ બચ્ચન, સાયરાબાનું અને વિનોદ ખન્ના જેવા ભારતીય સીને જગતના મહારથીઓની સાથે ગુજરાતી ફિલ્મ જગતમાં નરેશ કનોડિયાના અનન્ય પ્રદાન બદલ તેમને આ એવોર્ડ આપવામાં આવેલ છે.

## ૩૫ લાખના લાંચ પ્રકરણમાં

# PSI શ્વેતા જાડેજાને જામીન મળ્યા



અમદાવાદ,
શહેરમાં ખૂબ ચર્ચાસ્પદ બનેલા રૂપિયા ૩૫ લાખના લાંચ પ્રકરણ મામલે ગુજરાત હાઈકોર્ટે પીએસઆઈ શ્વેતા જાડેજાને જામીન પર મુક્ત કરવાનો આદેશ કર્યો હતો. હાઈકોર્ટે જામીન આપતા કહ્યુ કે, કેસમાં ચાર્જશીટ દાખલ થઈ ગઈ છે અને આરોપી એક મહિલ છે. તે ઉપરાંત તે સરકારી કર્મચારી છે અને તપાસ દરમિયાન ક્યાંય ભાગે તેમ નથી. આથી તેને જામીન પર મુક્ત કરી શકાય છે.

લાંચ પ્રકરણમાં જેલમાં બંધ શ્વેતા જાડેજાએ પોતાના વકીલ વિરાટ પોપટ મારફતે હાઈકોર્ટમાં અરજી કરીને રજૂઆત કરી હતી કે, આ કેસમાં ચાર્જશીટ દાખલ થઈ ગઈ છે અને લાંચના મોટાભાગના કેસોમાં ચાર્જશીટ દાખલ થયા બાદ આરોપીને જામીન આપવામાં આવતા હોય છે. તેથી આ કેસમાં આરોપીને નિયમિત જામીન પર મુક્ત કરવા જોઈએ.

અરજદાર શ્વેતા જાડેજા તરફથી કરાયેલી અરજીમાં કહેવાયું હતું કે, આ સમગ્ર કેસમાં તેમને ખોટી રીતે સંડોવણી કરવામાં આવી છે. તેમણે કોઈ ગુનો નથી કર્યો. પ્રિવેન્શન ઓફ કરપ્શન એક્ટની કલમ-૭ અને કલમ-૧૨ મુજબ તેની વિરુદ્ધ જે ફરિયાદ કરવામાં આવી છે તે કોઈ પ્રકારના પુરાવા-આધાર વિના કરાઈ છે. જો સરકારી અધિકારીએ તેના કામ સિવાય કોઈની પાસે રૂપિયાની માગણી કરી હોય, તેની પાસેથી રૂપિયા સ્વીકાર્યા હોય અને આ રૂપિયાની રિવકરી થઈ હોય તેવા કિસ્સામાં કરપ્શન એક્ટની કલમ લગાવી શકાય.

# આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૫૨,વીર સંવત-૨૫૫૬, ઈસ્લામીક સંવત-૨૫૫૫, તા.૨૮-૧૦-૨૦૨૦, બુધવાર, નિજ આસો સુદ-૧૨, સૂર્યોદય-૬-૫૦, સૂર્યાસ્ત-૬-૧૧, જૈન નવકારશી-૭-૩૮, આજની રાશિ : મીન (દ.ચ.ઝ.થ.), નક્ષત્ર: પૂર્વા ભાદ્રપદ

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>૬-૫૦થી લાભ-અમૃત-૯-૪૦ સુધી, ૧૧-૦૫ થી શુભ-૧૨-૩૦ સુધી, ૧૫-૨૧ થી ચલ-લાભ-૧૮-૧૧ સુધી, ૧૯-૪૬થી શુભ-અમૃત-ચલ-૨૪-૩૧ સુધી<br><br>- શુભ હોરા-<br>૬-૫૦થી ૮-૪૪ સુધી, ૯-૪૦થી ૧૦-૩૭ સુધી, ૧૨-૩૦થી ૧૫-૨૧ સુધી, ૧૬-૧૭થી ૧૭-૧૪ સુધી |

## ૨૪ કલાકમાં ૩૬,૪૭૦ પોઝિટિવ કેસ નોંધાયા, વધુ ૪૮૮ના મોત

# ૨૪ કલાકમાં ૧૮ જુલાઈ બાદ સૌથી ઓછા કોરોના પોઝિટિવ કેસ નોંધાયા




## ૨૪ કલાકમાં ૬૩,૮૪૨ દર્દીઓ થયા સ્વસ્થ, દેશમાં કોરોના સંક્રમિતોનો આંકડો ૭૯.૪૬ લાખને પાર, મૃત્યુઆંક ૧૧૯૫૦૨ એ પહોંચ્યો

ન્યુ દિલ્હી,
દેશમાં કોરોના સંક્રમણના કેસમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. મંગળવારના રોજ કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા રજૂ કરવામાં આવેલા આંકડા અનુસાર છેલ્લાં ૨૪ કલાક (સોમવાર સવારે ૮ વાગ્યાથી મંગળવાર સવાર ૮ વાગ્યા સુધી)માં ૩૬૪૬૯ નવા કેસ સામે આવ્યા છે. આ ૧૮ જુલાઈ બાદ સૌથી ઓછા નવા કેસ છે. જે ૧૮ જુલાઈ બાદ એક દિવસમાં નોંધાયેલા સૌથી ઓછા કેસ છે. જણાવી દઈએ કે, ૧૮ જુલાઈએ ૩૪,૮૮૪ નવા કેસ સામે આવ્યા હતા.

આપને જણાવી દઈએ કે ૧૮ જુલાઈના રોજ ૩૪૮૮૪ નવા કેસ સામે આવ્યા હતા. ઓક્ટોબરમાં ડેલી કેસીસની સંખ્યા ૫૦ હજારથી નીચે આવી ગઈ અને હવે તે ઘટતી જઈ રહી છે. ભારતમાં માત આપનારની સંખ્યા વધી રહી છે અને એક્ટિવ કેસ સતત ઘટી રહ્યા છે જો કે તે મહામારી ઓછા થયાના સંકેત છે.

દેશમાં કુલ સંક્રમિતોની સંખ્યા ૭૯૪૬૪૨૯ પર પહોંચી ચૂકી છે. ત્યારે જો વાત કરીએ મૃતકોની તો તમારી માહિતી માટે આપને જણાવી દઈએ કે છેલ્લાં ૨૪ કલાકમાં કોવિડ-૧૯ના કારણે ૪૮૮ લોકોના મોત થયા છે અને કુલ મૃતકોનો આંકડો ૧૧૯૫૦૨ થઈ ચૂકયો છે.

કોરોના જેવા ખતરનાક વાયરસને માત આપી સાજા થનાર દર્દીઓની સંખ્યામાં પણ વધારો જોવા મળી રહ્યો છે. સ્વાસ્થ્ય મંત્રાલયના મતે છેલ્લાં ૨૪ કલાકમાં ૬૩૮૪૨ દર્દી સાજા થયા છે અને અત્યાર સુધીમાં ૭૨ લાખથી વધુ (૭૨,૦૧,૦૭૦) લોકો સંક્રમણથી મુકત થઈ ચૂકયા છે. એક્ટિવ કેસ પણ ૮ ઑગસ્ટ બાદ સૌથી ઓછા છે. દેશમાં અત્યારે ૬૨૫૮૫૭ કેસ એક્ટિવ સ્ટેજમાં છે એટલે કે તેમની સારવાર કાં તો હોસ્પિટલમાં ચાલી રહી છે અથવા તો પછી ડૉકટર્સના દિશા-નિર્દેશો પર હોમાઆઈસોલેશનમાં છે.

પોઝિટિવિટી રેટ ૪ ટકાની નીચે (૩.૮૦%) આવી ગયો છે, રિકવરી રેટ સુધારાની સાથે ૯૦ ટકાને પાર (૯૦.૬૨%) છે. મૃત્યુ દર ૧.૫ ટકા પર છે તો એક્ટિવ કેસ ૮ ટકાથી નીચે (૭.૮૭%) નોંધાયો છે.

આઈસીએમઆરના મતે દેશમાં અત્યાર સુધીમાં ૧૦.૪૪ કરોડ (૧૦,૪૪,૨૦,૮૯૪) લોકોની કોરોનાની તપાસ થઈ ચૂકી છે. છેલ્લાં ૨૪ કલાકમાં ૯૫૮૧૧૬ લોકોના ટેસ્ટ થયા છે.

# રશિયાની કોરોના રસીની પોઝિટિવ ઈફેક્ટ: ઓક્સફર્ડે પણ શુભ સંકેત આપ્યા

મોસ્કો/વોશિંગ્ટન,
કોરોના વાયરસ શિયાળાની ઋતુમાં વધારે ઘાતક સાબિત થઈ શકે તેવી શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. અમેરિકા અને ફ્રાંસ જેવા દેશોમાં કોરોનાના કેસો વધી રહ્યાં છે. આ દરમિયાન કોરોના વેકસીનને લઈને સારા સમાચાર આવ્યા છે. એક નહીં બબ્બે વેક્સીનને લઈને સારા સમાચાર આવ્યા છે.

એક રશિયા દ્વારા વિકસીત કરવામાં આવેલી સ્પૂતનિક-૫એ કમાલ કરી છે. સ્પૂતનિક-૫ના ટ્રાયલમાં ૧૦૦માંથી ૮૫ ટકા વોલિન્ટિયર્સ પર કોઈ જ આડ અસર જોવા મળી નથી. માત્ર ૧૫ ટકા લોકોને જ માથુ દુઃખવાની અને સામાન્ય તાવની અસર જણાઈ છે. જ્યારે બ્રિટનની ઓકસફર્ડની યુનિવર્સિટી દ્વારા તૈયાર કરવામાં આવેલી કોરોનાની વેક્સીન પણ કમાલ દેખાડી રહી છે.

તાજેતરમાં વોલેન્ટિયર્સને સ્પૂતનિક -૫નો ડોઝ આપવામાં આવ્યો હતો. તેમાં ૮૫ ટકા વોલેન્ટિયર્સમાં કોઈ જ આડ અસર જોવા મળી નથી. વેકસીનને ડેવલપર્સે આ બાબત જાહેર કરી છે. રશિયાની સ્પૂતનિક-૫ વેકસીનને મોસ્કોના ગામાલયા રિસર્ચ ઈન્સ્ટીટ્યૂટ ઓફ એપિડિમિયોલોજી અને માઈક્રોબાયોલોજીની સાથે મળીને વિકસિત કરવામાં આવી છે. તેની જાહેરાત ફાયનલ ટ્રાયલ પહેલાં ઓગસ્ટમાં કરાઈ હતી. ફાઈનલ ટ્રાયલમાં ૪૦,૦૦૦ વોલેન્ટિયર્સ સામેલ છે અને તેમાંથી ૧૦,૦૦૦ને પ્લાસેબો આપવાની જાણકારી છે.

સ્પૂતનિક-૫થી સામાન્ય તાવ, માથું દુઃખવું અને સ્નાયુઓમાં દર્દની સમસ્યાઓ થઈ હોવાનું સામે આવ્યુ છે. આ સાઈડ ઈફેકટમાં ૧૫ ટકા લોકોનો સમાવેશ થયો છે. જ્યારે ૮૫ ટકામાં કોઈ સાઈડ ઈફેક્ટ જોવા મળી નથી. આ સિવાય વેકસીન આપ્યા બાદ પણ તેમનામાં કોઈ ફરિયાદ જોવા મળી નથી.

ઓકસફર્ડની યુનિવર્સિટી દ્વારા વિકસીત કરવામાં આવેલી એસ્ટ્રેજેનેકા કોરોના વેકસીન ટ્રાયલ કર્યુ છે તેઓએ શુભ સંકેત આપ્યા છે. વેકસીનની મદદથી યુવાઓ નહીં પણ વૃદ્ધોની પણ ઈમ્યુન સિસ્ટમ વિકસીત થઈ છે અને તે મજબૂત બની રહી છે જે કોરોનાની સારવારમાં સફળ રહી છે. કંપનીએ એક નિવેદનમાં કહ્યું છે કે, આ સારું પરિણામ છે અને યુવા અને વૃદ્ધ બંનેમાં ઈમ્યુનિટીને લઈને સરખો રિસ્પોન્સ મળી રહ્યો છે. જે વૃદ્ધોની પ્રતિક્રિયા પહેલાંથી ઓછી હતી તેમની પર ખતરો વધે છે પણ ટ્રાયલ સફળ રહ્યું છે. આ પરિણમ આગળ જઈને એઝેડડી૧૨૨૨ના સારા પરિણામ આપી શકે છે.

# દૈનિક રાશીફળ

તા.૨૮.૧૦.૨૦૨૦ બુધવાર

મેષ (અ.લ.ઈ.) :- મિત્રો સગા સ્નેહીજનો સાથે મિલન મુલાકાત થાય ઉત્સાહ વધવાનો. અચાનક લાભની આશા ફળવાની રોમાન્સમાં સફળતા.

વૃષભ (બ.વ.ઉ.) :- બીઝનેશના પ્રશ્નમાં દિવસ લાભદાયી નીવડે આર્થિક લાભ મલવાનો તબીયત બાત બેદરકારી ન રાખવી. મિલકતથી લાભ.

મિથુન (ક.છ.ઘ.) :- શુભેચ્છકોનો સહયોગ મલવાનો નવા આયોજન બાબત સફળતાવાળો દિવસ રહે. સ્નાયુને લાભ તકલીફોથી જાળવવું.

કર્ક (ડ.હ.) :- મનગમતી વ્યકિતની મુલાકાત થાય ઉત્સાહ વધવાનો ખાણી પીણીથી જળવવું કિંમતી ચીજ વસ્તુની ખરીદી થાય.

સિંહ (મ.ટ.) :- ખુશામત ખોરોથી જાળવજો. મિલ્કતના પ્રશ્નોથી લાભ વધુ પડતો કાર્યભાર ટાળજો વિદેશથી સારો લાભ મલવાનો.

કન્યા (પ.ઠ.ણ.) :- કારણ વગરના વિચારોથી દૂર રહેજો સ્વજનો સાથે વિચાર વિર્મશ કરો -નકારાત્મક વિચારો દૂર રહેજો. પ્રવાસથી લાભ.

તુલા (ર.ત.) :- મનની ઈચ્છાઓ ફળવાની છે નોકરીમાં કોઈ સારો લાભ રહે. પિતાશ્રી સાથે દલીલ લાભથી દૂર રહેવું.

વૃશ્ચિક (ન.ય.) :- ખર્ચ ઉપર લગાવ રાખવી જરૂરી રહે. નવી ઓળખાણથી લાભ, નોકરીમાં સ્થિરતા રાખવી જરૂરી રહે.

ધન (ભ.ધ.ફ.ઢ.) :- આર્થિક સાહસો માટે કોઈ ઉતાવળ ન કરવી મુલાકાત સફળ થાય. બીજા ઉપર વધુ વિશ્વાસ ન રાખવો.

મકર (ખ.જ.) :- અગત્યની કામગીરી આગળ વધવાની છે. વધુ પડતા અધીરા ન થતા વીજાતીય વ્યકિતથી લાભ રહેવાની.

કુંભ (ગ.શ.સ.) :- મિત્ર વર્તુળમાં વધારો થવાનો છે કુનેહ પૂર્વક નિર્ણયો લેજો સાંજ પછી કોઈ સારો લાભ રહે.

મીન (દ.ચ.ઝ.) :- મહત્વના કાર્યોમાં સફળતા રહે. આવક વૃધ્ધિ થાય પરિવારમાં ઉત્સાહ રહે. માંગલીક પ્રસંગો સફળ થાય.

# ઝાલોદ પાલિકાના કાઉન્સીલરના હત્યાના ચાર આરોપીઓના રિમાન્ડ પુરા થતાં ગોધરા સબજેલમાં ખસેડાયા

ઝાલોદ,
દાહોદ જિલ્લાના ઝાલોદ નગરપાલિકાના કાઉન્સીલર હિરેન પટેલના મોતના બનાવમાં અગાઉ ચાર આરોપીઓને દાહોદ જિલ્લા પોલીસે ઝડપી પાડ્યા હતા અને તેઓના રિમાન્ડ પુરા થતાં તેઓને જ્યુડીશીયલ કસ્ટડીમાં મોકલી આપવામાં આવ્યા છે. બીજી તરફ આ કેસમાં વધુ બે ઝડપાયેલા ઈસમો મધ્યુપ્રદેશના મહેદપુરના ઢાબાના માલિક તથા તેના સાગરિતના પણ આજે રિમાન્ડ પુરા થતાં તેઓને ગોધરાની જ્યુડીશીયલ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે. ત્યારે આ સમગ્ર પ્રકરણમાં હિરેન પટેલના મોતના પાછળનું સાચુ કારણ હાલ પણ અકબંધ રહેવા પામ્યું છે.

ઝાલોદ નગરપાલિકાના કાઉન્સીલર હિરેન પટેલના મોતને માર્ગ અકસ્માતમાં ખપાવવા ૨૦૦૨ના ગોધરા કાંડના કુખ્યાત આરોપી એવા ઈરફાન પાડા, ઝાલોદના બુટલેગર અજય કલાલ

## હિરેન પટેલની મોતનું કારણ અકબંધ

તેમજ મધ્યપ્રદેશના બીજા બે સાગરીતો મળી આ ચાર આરોપીઓના ગઈકાલે એટલે કે, તારીખ ૨૬મી ઓક્ટોબરના રોજ રિમાન્ડ પુરા થતાં ચાર પૈકી ત્રણને દાહોદની જ્યુડીશીયલ કસ્ટડીમાં તેમજ ઈરફાન પાડાને વડોદરા મોકલી દેવામાં આવ્યો છે. આ કેસમાં હિરેન પટેલના મોતનું સુનિયોજીત કાવતરૂં મધ્યપ્રદેશના ઉજ્જૈનના મહેદપુર ખાતેના એક ઢાબાના માલિકના ત્યા રચવામાં આવ્યું હોવાનો ખુલાસો થતાં જ એલ.સી.બી., એસ.ઓ.જી. અને પેરોલ ફ્લો સ્કોર્ડની ટીમોએ મદયપ્રદેશ તરફ આ કેસની કડીઓ મેળવવા તપાસનો સીલસીલો શરૂ કર્યો હતો અને તપાસમાં ગાડી નંબર એમ.પી.૦૯.સી.કે.૪૯૮૧ના આરોપીઓને ગુનો કરવા માટે પુરી પાડેલ તે આરોપીઓના નામ ખુલ્યા હતા અને આ મર્ડરનો પ્લાન ઉજ્જૈનના મહેદપુર ખાતે આવેલ ઢાબાના માલિક બાલારામ ભુવાનજી ભીલવાડાના ઢાબા ઉપર અને તેની સાથે તેનો સાગરીત સલીમ ઉર્ફે કાળાભાઈ ખાજુભાઈ શેખ (રહે.મહેદપુર) હિરેન પટેલના મોતના એક દિવસ અગાઉ ઝડપાયેલા ચાર અને આજે વધુ ઝડપી પાડવામાં આવેલ આ બે આરોપીઓ મળી તમામે આ ઢાબા ઉપર હિરેન પટેલની મોતનું સુનિયોજીત કાવતરૂં રચ્યું હતુ. આ સંબંધે પોલીસે મહેદપુરમાં વોચ ગોઠવી કેટલાક દિવસો પુર્વે ઢાબાના માલિક બાલારામ ભુવાનજી ભીલવાડા અને સલીમ ઉર્ફે કાળાભાઈ ખાજુભાઈ શેખને ઝડપી પાડ્યા હતા અને દાહોદ ખાતે લઈ આવ્યા હતા ત્યાર બાદ આ બંન્ને ઈસમોને ઝાલોદની કોર્ટમાં હાજર કરતાં તેઓને તારીખ ૨૭મી ઓક્ટોબર સુધીના રિમાન્ડ મંજુર કર્યા હતા અને આજે તેઓના પણ રિમાન્ડ પુરા થતાં તેઓને ગોધરાની જ્યુડીશીયલ કસ્ટડીમાં મોકલી આપ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે, હાલ પણ હિરેન પટેલના મોતના પાછળનું સાચુ કારણ જાણી શકાયું નથી, પરંતુ પોલીસ દ્વારા પણ સઘન તપાસનો ધમધમાટ આરંભ કરી આ કેસની ગંભીરતાને ધ્યાને લઈ કોઈ ચુક અથવા તો કોઈ બેદરકારી ચલાવી લેવા માંગતી ન હોવાથી આ કેસ તરફ પોતાનું સંપુર્ણ ધ્યાન કેન્દ્રીત કરી રહ્યું છે. દો ત્યારે આવનાર થોડાક જ દિવસો આ સમગ્ર કેસ ઉપરથી પડદો ઉચકાશે અને મોટા માથાઓ બહાર આવશે તેવી છડેચોક લોક ચર્ચાઓએ જન્મ લીધો છે.

# ઈક્રમટેક્સ વિભાગની મોટી કાર્યવાહી, સંજય જૈનના ૪૨ ઠેકાણાં પર દરોડા

ન્યુ દિલ્હી,
દિલ્હી-હરિયાણા સહિત દેશના વિવિધો રાજ્યોમાં એન્ટ્રી ઑપરેટર સંજય જૈન અને તેના લાભાર્થીઓના ૪૨ ઠેકાણાંઓ પર ઈક્રમટેક્સ વિભાગે એક સાથે દરોડાની કાર્યવાહી કરી છે.

ઈક્રમટેક્સ વિભાગે દિલ્હી-એનસીઆર, ઉત્તરાખંડ, હરિયાણા, પંજાબ અને ગોવામાં એન્ટ્રી ઓપરેટર સંજય જૈન અને તેના લાભાર્થીના ૪૨ ઠેકાણાં પર દરોડા પાડ્યાં છે. આ કાર્યવાહીમાં અત્યાર સુધીમાં ૨.૩૭ કરોડ રૂપિયા રોકડા અને ૨.૮૯ કરોડ રૂપિયાની જ્વેલરી જપ્ત કરવામાં આવી છે. હજુ પણ સર્ચ ઑપરેશન ચાલી જ રહ્યું છે.

સેન્ટ્રલ બોર્ડ ઑફ ડાયરેક્ટ ટેક્સેસનએ કહ્યું કે, થોડા દિવસો પહેલા જ બનાવટી બિલિંગ મારફતે મોટી સંખ્યામાં કેશની હેરાફેરી અને પ્રોડક્શનનું રેકટ ચલાવનારા વ્યક્તિઓના એક મોટા રેકેટનો પર્દાફાશ કર્યો હતો. જેમાં ખોટી રીતે એન્ટ્રી ઓપરેશન અને મનીજનરેશન રેકેટનો ભાંડો ફોડ્યો હતો. જેમના પર કાર્યવાહી કરીને મોટા પ્રમાણમાં રૂપિયા અને જ્વેલરી જપ્ત કરવામાં આવી છે.

એજન્સી તરફથી વધુમાં કહેવામાં આવ્યું છે કે, ૫૦૦ કરોડ રૂપિયાથી વધુની સંપત્તિ ખોટી રીતે જમા કરવાના મહત્વપૂર્ણ દસ્તાવેજો જપ્ત કરવામાં આવ્યાં છે. ૨.૩૭ કરોડ રૂપિયા રોકડ સહિત ૨.૮૯ કરોડ રૂપિયાની જ્વેલરી જપ્ત કરવામાં આવી છે. આ સિવાય ૧૭ બેંક લોકરોની પણ જાણકારી મળી છે. જેની ગણતરી કરવાની બાકી છે. હાલ આગળની તપાસ ચાલી રહી છે.

# સંજેલીના ભામણ ગામે અજાણ્યા વાહનની અડફેટે બાઈક સવાર બે વ્યકિતના મોત

સંજેલી.
દાહોદ તાલુકાના રળીયાતી ગામે એક બુટલેગરના રહેણાંક મકાનમાં ચાલતી વિદેશી દારૂની હાટડી ઉપર પોલીસે ઓચિંતો છાપો મારી વિદેશી દારૂનો વેપલો કરતાં અને ત્યાં અડ્ડા પર બેસી વિદેશી દારૂની મીજબાની માણી રહેલા કુલ ૧૦ લોકોને પોલીસે ઝડપી પાડી સ્થળ પરથી વિદેશી દારૂનો કુલ રૂા.૨૫,૯૨૫ તેમજ ૬ મોટરસાઈકલો મળી કુલ રૂા.૮૩,૯૨૫ નો મુદ્દામાલ પોલીસે કબજે લીધાનું જાણવા મળે છે.

અજયભાઈ ઉર્ફે રોકી રાજુભાઈ ગણાવાએ ગત તા.૨૬મી ઓક્ટોબરના રોજ રળિયાતી ગામે આવેલ પોતાના રહેણાંક મકાનમાં વિદેશી દારૂનો જથ્થો સાથે લોકોનો જમાવડો કરી આ દારૂ વેચી તેમજ પોતાના ઘરમાં પીવડાવતો હોવાની દાહોદ તાલુકા પોલીસને બાતમી મળતા પોલીસે ઓચિંતી પ્રોહી રેડ પાડતાં નાસભાગના દ્રશ્યો સર્જાયા હતા પરંતુ પોલીસની ટીમે સ્થળ પર હાજર ૧૦ જણાને ચારેય તરફથી ઘેરી લઈ લીધા હતા અને અજયભાઈ ગણાવા, સુરેશભાઈ કસુલભાઈ પરમાર (રહે.ધાનપુર), વિજયભાઈ વિરસીંગભાઈ પરમાર (રહે.દાહોદ), વિક્રમભાઈ નારસીંગભાઈ મેડા (રહે.દાહોદ), વિક્રમભાઈ ભેરૂભાઈ બાવનીયા (રહે.રળીયાતી,દાહોદ), મનીષભાઈ રતનભાઈ ડામોર (રહે. નગરાળા, દાહોદ), અતુલભાઈ પ્રેમચંદભાઈ ડામોર (રહે.નગરાળા, દાહોદ), અભયભાઈ અરવિંદભાઈ ડામોર (રહે.નગરાળા,દાહોદ), અજયભાઈ કનુભાઈ ડામોર (રહે.નગરાળા,દાહોદ) અને અનિલભાઈ અભેસીંગભાઈ ડામોર (રહે.નગરાળા,દાહોદ) નાની સ્થળ પરથી અટક કરી હતી અને મકાનમાંથી વિદેશી દારૂનો જથ્થો કુલ કિંમત રૂા.૨૫,૯૨૫ તેમજ ૬ મોટરસાઈકલો મળી કુલ રૂા.૮૩,૯૨૫નો દાહોદ તાલુકા પોલીસે મુદ્દામાલ જપ્ત કરી ઉપરોક્ત તમામ ઈસમો વિરૂધ્ધ પ્રોહીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# દે.બારીઆના રેબારી ગામે ટ્રેકટરની અડફેટે બાઈક ચાલક પૈકી એકનું મોત

દે.બારીઆ,
દેવગઢ બારિઆ તાલુકાના રેબારી ગામે એક ટ્રેકટરના ચાલકે પોતાના કબજાટ્રેકટર પૂરઝડપે તેમજ ગફલત ભરી રીતે હંકારી લાવી મોટરસાયકલ પર સવાર બે વ્યકિતઓને અડફેટમાં લેતા બે પૈકી એકને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. જ્યારે બીજા એકને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે.

દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકામાં ઝાલોદ રોડ સ્ટેટ બેંકની સામે રહેતા દિનેશભાઈ મહેશભાઈ પ્રજાપતિ તથા રાકેશભાઈ સુક્રમભાઈ રાવત આ બંને જણા ગતરોજ પોતાના કબજાની એક મોટરસાયકલ પર સવાર થઈ દેવગઢ બારિયા તાલુકાના રેબારી ગામેથી પસાર થઈ રહ્યા હતા. આ સમયે રેબારી ચોકડી ખાતે એક અજાણ્યા ટ્રેક્ટરના ચાલકે પોતાના કબજાની ટ્રેક્ટર પૂર ઝડપે તેમજ ગફલત ભરી રીતે હંકારી લાવી દિનેશભાઈનાઓની મોટર સાયકલને અડફેટમાં લઈ જોશભેર ટકકર મારતા દિનેશભાઈ તથા રાકેશભાઈ બંને મોટરસાઇકલ પરથી ફંગોળાતા જે પૈકી દિનેશભાઈને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા તેમનું મોત નીપજ્યું હતું. જ્યારે રાકેશ ભાઈ ને પણ શરીરે ઈજાઓ પહોંચતા તેઓને ૧૦૮ મારફતે સારવાર અર્થે નજીકના દવાખાને ખસેડવામાં આવ્યા હતા.

આ સંબંધે લીમખેડા નગરમાં રહેતા મુકેશભાઈ ચીમનભાઈ પ્રજાપતિ દ્વારા દેવગઢ બારીયા પોલીસ મથકે અજાણ્યા ટ્રેક્ટરના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# રાષ્ટ્ર નિર્માણમાં પોલીસની ભૂમિકા અંગે જાણીતા લેખક જય વસાવડાનું પ્રવચન

દાહોદ,
પોલીસ સ્મૃતિ દિનની ઉજવણીના ભાગરૂપે દાહોદ જિલ્લા પોલીસ દ્વારા એક વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આગામી તા. ૨૯ના રોજ બપોરના ૧૨ વાગ્યે ગૂગલ મીટ ઉપર જાણીતા લેખક અને વક્તા જય વસાવડાના પ્રવચનનું આયોજન કરવામાં આવ્યું છે.


જિલ્લા પોલીસ અધિક્ષક હિતેશ જોયસરે ઉક્ત કાર્યક્રમની માહિતી આપતા જણાવ્યું કે, જનસુરક્ષાના કામમાં દિનરાત જોયા વીના કાર્યરત પોલીસના જવાનોની શહાદતને યાદ કરવા માટે પોલીસ સ્મૃતિ દિનની ઉજવણી કરવામાં આવે છે. આ વખતની ઉજવણી નાગરિકોને કેન્દ્રમાં રાખીને કરવામાં આવી રહી છે. ગત્ત રવિવારે દાહોદના પોલીસ જવાનો દ્વારા યુનિટી રનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેને સારો પ્રતિભાવ સાંપડ્યો છે.

આપણે સૌ જાણીએ છીએ કે ગુજરાતના વિકાસ પાછળ અહીંની શાંતિ મહત્વપૂર્ણ પરિબળ છે. વિકાસ માટે કાયદો અને વ્યવસ્થાની સુદ્રઢ સ્થિતિ અતિમહત્વની છે. એ માટે પોલીસ તંત્ર સતત યત્નશીલ છે. આમ, રાષ્ટ્ર નિર્માણમાં પોલીસની ભૂમિકા અહમ છે. ત્યારે આ વિષયે જાણીતા લેખક અને વક્તા જય વસાવડાના પ્રવચનનું આયોજન દાહોદના સુજ્ઞ નાગરિકો માટે કરવામાં આવ્યું છે. ગૂગલ મીટ ઉપર નીચે આપેલી લિંક અને કોડના આધારે પ્રવચનમાં જોડાવા નાગરિકોને નિમંત્રણ છે.

તા. ૨૯-૧૦-૨૦૨૦ના રોજ બપોરના ૧૧-૪૫ વાગ્યાથી પ્રવચન કાર્યક્રમ ખૂલ્લો મૂકાશે. એટલે તુરંત નાગરિકોએ તેમાં જોડાઈ જવાનું રહેશે. ગૂગલ મીટ ઉપર જોડાવા માટેનો કોડ ujt-vqxd-tps છે.

## મોદી સરકારનો મોટો નિર્ણય, ગૃહમંત્રાલયે નવી સૂચના જાહેર કરી

# જમ્મુ-કાશ્મીરમાં કોઈ પણ વ્યક્તિ જમીન ખરીદી શકશે



ન્યુ દિલ્હી,
જમ્મુ-કાશ્મીરમાં હવે દેશનો કોઈપણ વ્યક્તિ જમીન ખરીદી શકે છે અને ત્યાં સ્થાયી થઈ શકે છે. ગૃહ મંત્રાલય દ્વારા મંગળવારે આ અંતર્ગત નવી સૂચના જાહેર કરવામાં આવી છે. જો કે, ખેતીની જમીન પર પ્રતિબંધ ચાલુ રહેશે.

જમ્મુ- કાશ્મીરના ઉપરાજયપાલ મનોજ સિન્હાએ જણાવ્યુ હતું કે, અમે ઈચ્છીએ છીએ કે બહારની ઈન્ડસ્ટ્રી જમ્મુ કાશ્મીરમાં આવે, તે માટે ઈન્ડસ્ટ્રીયલ માટે જમીનની જરૂરિયાત હોવાથી હવે કોઈપણ વ્યક્તિ જમ્મુ કાશ્મીરમાં જમીન ખરીદી શકે છે. જો કે ખેતીની જમીન ફક્ત રાજ્યના લોકો માટે જ રહેશે.

આપને જણાવી દઈએ કે અગાઉ ફક્ત જમ્મુ-કાશ્મીરમાં ફક્ત ત્યાનાં રહેવાસી જ જમીન ખરીદી અને વેચી શકતા હતા. પરંતુ હવે બહારના લોકો પણ ત્યાં જમીન ખરીદીને ત્યાં પોતાનું કામ શરૂ કરી શકે છે.

કેન્દ્રીય ગૃહમંત્રાલયે આ નિર્ણય જમ્મુ-કાશ્મીર પુનરચના કાયદા હેઠળ લીધો છે, જે અંતર્ગત કોઈપણ ભારતીય હવે જમ્મુ-કાશ્મીરમાં કોઈ ફેક્ટરી, મકાન અથવા દુકાન માટે જમીન ખરીદી શકે છે. આ માટે, સ્થાનિક રહેવાસી હોવાના કોઈ પુરાવા આપવાની જરૂર રહેશે નહીં.

મહત્વનું છે કે જમ્મુ-કાશ્મીરને ગયા વર્ષે જ કલમ ૩૭૦થી મુક્તિ આપવામાં આવી છે, ત્યારબાદ ૩૧ ઓક્ટોબર, ૨૦૧૯ના રોજ જમ્મુ-કાશ્મીર કેન્દ્ર શાસિત પ્રદેશ બની ગયો હતો. હવે કેન્દ્રશાસિત પ્રદેશ હોવાના એક વર્ષ પૂરા થવા પર જમીનના કાયદામાં ફેરફાર કરવામાં આવ્યો છે.

તમને જણાવી દઈએ કે આ પહેલા ફક્ત જમ્મુ-કાશ્મીરના રહેવાસીઓ જ જમીન ખરીદી અને વેચી શકતા હતા. પરંતુ હવે બહારથી લોકો જમીન પણ ખરીદી શકે છે અને ત્યાં પોતાનું કામ શરૂ કરી શકશે. કેન્દ્રીય ગૃહમંત્રાલયે આ નિર્ણય જમ્મુ-કાશ્મીર પુનર્ગઠન કાયદા હેઠળ લીધો છે, જે અંતર્ગત કોઈપણ ભારતીય હવે જમ્મુ-કાશ્મીરમાં કારખાના, મકાન અથવા દુકાન માટે જમીન ખરીદી શકે છે. તેને સ્થાનિક રહેવાસી હોવાના પુરાવાની પણ જરૂર રહેશે નહીં.

# સંજેલી તાલુકામાં આધારકાર્ડની કામગીરી શરૂ કરવાની માંગ સાથે આવેદન આપવામાં આવ્યું




સંજેલી,
સંજેલી તાલુકામાં લોકડાઉન દરમ્યાન બંધ કરવામાં આવેલ આધારકાર્ડની કામગીરી પુનઃ શરૂ કરવામાં આવે તેવી માંગ સાથે આવેદન આપવામા આવ્યું છે.

દાહોદ જીલ્લાના સંજેલી તાલુકાના લોકડાઉન દરમ્યાન આધારકાર્ડની કામગીરી બંધ કરવામાં આવી છે. છેલ્લા છ માસ ઉપરાંતના સમયગાળાથી આધારકાર્ડની કામગીરી બંધ કરવામાં આવેલ હોવાથી આધારકાર્ડથી વંચિત રહેલા લાભાર્થીઓ મુશ્કેલીઓ વેઠી રહ્યા છે. જેને લઈ સંજેલી તાલુકામાં તાત્કાલીક ધોરણે આધારકાર્ડની કામગીરી શરૂ કરવાની માંગ સાથે તાલુકા મામલતદારને આવેદન આપવામાં આવ્યું.

# દે.બારીઆના અંતરીયાળ વિસ્તારમાં વસતા વિદ્યાર્થીઓ ઓનલાઈન શિક્ષણથી વંચિત

દે.બારીઆ,
દાહોદ જીલ્લો એક આદિવાસી સાથે વનવાસી જીલ્લો ગણાય છે. તેમજ દે.બારીઆ તાલુકામાં અનેક એવા અંતરીયાળના ગામો છે. જ્યાં મોબાઈલ નેટવર્ક પહોંચતું નથી. જેથી વિદ્યાર્થીઓ શિક્ષણથી વંચિત છે. ઓનલાઈન ઉપર ૩૦ ટકા અભ્યાસ આપવાનું શિક્ષણ વિભાગે આદેશ કરેલો છે.

મળતી માહિતી અનુસાર વૈશ્વિક મહામારી કોરોનાકાળમાં કોવિડ-૧૯ના સંક્રમણથી વિદ્યાર્થીઓને બચાવવા માટે સરકારે તમામ સ્કુલો બંધ રાખી ઓનલાઈન શિક્ષણ આપવાનો આદેશ જારી તો કરી દીધો પણ બધા જ વિદ્યાર્થીઓ પાસે એન્ડ્રોઈડ મોબાઈલ છે.. ખરા ? ચાલો માની લઈએ અમુક પાસે એન્ડ્રોઈડ મોબાઈલ ઉપલબ્ધ છે. તો શિક્ષકો વિદ્યાર્થીઓના નંબર એડ કરી તેના આંકડા શિક્ષણખાતા પાસે ઉપલબ્ધ થયા છે. ખરા ? તેઓની મોનીટરીંગ ઉપસ્થિત થયા છે. અંતરીયાળના વિસ્તારોમાં રહેતા વિદ્યાર્થીઓને નેટવર્ક મો અનેક જગ્યાએ ફાંફા છ. શિક્ષણના ઉચ્ચપદના અધીકારીઓને આ નકકી હકીકતની ખબર નહિ હોય આ વર્ષ તો વિદ્યાર્થીઓ માટે શિક્ષણથી વંચિત છે. એવું માનવું તે એક કડવું સચ છે. ગરીબ વનવાસી વિસ્તારના વિદ્યાર્થીઓ પાસે એન્ડ્રોઈડ મોબાઈલ કયાંથી લાવવા અનલોકડાઉનની મંદીમાં ગુજરાત સરકાર આના વિશે સોચ વિચાર કરશે ખરી ?

# મોબાઈલ ઈન્ટરનેટ સ્પીડમાં ભારત પાકિસ્તાન-નેપાળથી પણ પાછળ




ન્યુ દિલ્હી,
ભલે દેશમાં 'ડિજિટલ ઈન્ડિયા' અભિયાને વેગ પકડ્યો હોય, પરંતુ મોબાઈલ ડેટાની સ્પીડ મામલે ભારત હજુ પણ ઘણું પાછળ છે. તાજેતરમાં ઓકલા તરફથી તૈયાર કરવામાં આવેલ સ્પીડટેસ્ટ ગ્લોબલ ઈન્ડેક્સમાં ભારત મોબાઈલ ઈન્ટરનેટ સ્પીડમાં ૧૩૧માં ક્રમે છે.

મોબાઈલ ઈન્ટરનેટ સ્પીડ મામલે ભારત દક્ષિણ કોરિયા, શ્રીલંકા, નેપાળ અને પાકિસ્તાન જેવા દેશો કરતાં પણ પાછળ છે. ભારતમાં સરેરાશ મોબાઈલ ડાઉનલોડ સ્પીડ ૧૨.૦૭ એમબીપીએસ છે. જ્યારે વૈશ્વિક સરેરાશ ૩૫.૨૬ એમબીપીએસ છે. ફિક્સ્ડ બ્રૉડબેન્ડ સ્પીડ મામલે ભારતને ઈન્ડેક્સમાં ૭૦માં સ્થાન પર રાખવામાં આવ્યું છે. ગત રેક્રિંગની સરખામણીમાં ભારત બે ક્રમ ઉપર જરૂર આવ્યું છે.

સિંગાપુરે ૧૭૫ દેશોની રેક્રિંગમાં ૨૨૬.૬૦ એમબીપીએસની સ્પીડ સાથે ઈન્ડેક્સમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે.

ઓકલાના ગ્લોબલ. ઈન્ડેક્સ મુજબ સરેરાશ મોબાઈલ ડેટા સ્પીડ મામલે દક્ષિણ કોરિયા પ્રથમ નંબર પર છે. પડોશી દેશ નેપાળ, પાકિસ્તાન, શ્રીલંકા અને ચીન જેવા દેશ ભારતની તુલનામાં મોબાઈલ ડેટા સ્પીડમાં ક્યાંય આગળ છે. મોબાઈલ અપલોડ સ્પીડની ગ્લોબલ એવરેજ સ્પીડ ૧૧.૨૨ એમબીપીએસ છે. જો કે ભારત આ મામલે ઘણું જ પાછળ છે અને સરેરાશ અપલોડ સ્પીડ ૪.૩૧ એમબીપીએસ છે.

જણાવી દઈએ કે, સ્પીડટેસ્ટ ગ્લોબલ ઈન્ડેક્સ વિશ્વભરમાં ઈન્ટરનેટ સ્પીડનો ડેટા માસિક ધોરણ એકઠો કરે છે. વિશ્વભરમાં લાખો લોકો મોબાઈલનો ઉપયોગ કરે છે અને તેમના રિયલ ડેટાના આધાર પર સ્પીડ ટેસ્ટ તરફથી રેક્રિંગ તૈયાર કરવામાં આવે છે.

# દાહોદ જીલ્લામાં આજરોજ ૬ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા

દાહોદ,
દાહોદમાં આજે વધુ ૦૫ કોરોના પોઝીટીવ કેસોની સંખ્યા સાથે દાહોદ જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૧૭૯૧ ને પાર પહોંચ્યો છે. આર.ટી.પી.સી.આર.ના ૨૪૦ પૈકી ૨ ત્યારે અને રેપીટ ટેસ્ટના ૧૭૦૬ પૈકી ૦૩ કોરોના પોઝીટીવ કેસો સામે આવ્યા છે. આ ૦૫માંથી દાહોદમાંથી ૦૩ અને ઝાલોદમાંથી ૦૨ કેસોનો સમાવેશ થાય છે. આજે વધુ ૦૭ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા આપતા એક્ટીવ કેસની સંખ્યા ૭૦ રહેવા પામી છે. ત્યારે અત્યાર સુધી કોરોનાથી મૃત્યુ પામનાર લોકોની સંખ્યા ૭૪ ને પાર પહોંચી ગઈ છે.

# હાથરસ કેસ: સુપ્રીમ કોર્ટનો આદેશ, CBI તપાસ પર અલ્હાબાદ હાઈકોર્ટ રાખશે દેખરેખ

ન્યુ દિલ્હી,
હાથરસના બુલગઢી ગામમાં દલિત યુવતી સાથે થયેલા કથિત ગેંગરેપ અને હત્યાના મામલામાં દાખલ કરવામાં આવેલી અરજીઓ પર સુપ્રીમ કોર્ટે મંગળવારે ચૂકાદો આપ્યો છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે આ મામલામાં સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશનની તપાસની દેખરેખ અલ્હાબાદ હાઈકોર્ટ કરશે.

ચીફ જસ્ટિસ એસ એ બોબડેની બેન્ચે કહ્યું જ્યાં સુધી આ કેસને દિલ્હી ટ્રાન્સફર કરવાનો સવાલ છે, તો પહેલા સીબીઆઈ પોતાની તપાસ પૂરી કરી લે. તે પછી કેસ ટ્રાન્સફર પર નિર્ણય લઈશું. સીબીઆઈ પોતાનો સ્ટેટ્સ રિપોર્ટ અલ્હાબાદ હાઈકોર્ટમાં રજૂ કરશે. પીડિતના પરિવાર અને સાક્ષીઓની સુરક્ષા સહિત આ કેસ સાથે જોડાયેલા તમામ પાસાઓને અલ્હાબાદ હાઈકોર્ટ જોશે.

૧૫ ઓક્ટોબરે થયેલી સુનાવણીમાં સુપ્રીમ કોર્ટે ચુકાદો રિઝર્વ રાખ્યો હતો. આ મામલામાં પીડિત પરિવારના વકીલ સીમા કુશવાહ અને વકીલ ઈન્દિરા જય સિંહે અરજીઓ કરી હતી. તેમણે સીબીઆઈ તપાસની દેખરેખ સુપ્રીમ કોર્ટના રિટાયર્ડ કે હાલના જજ પાસે કરાવવા અને પીડિત પરિવાર-સાક્ષીઓને યૂપી પોલીસની જગ્યાએ કેન્દ્રીય સિક્યોરિટી અપાવવાની અપીલ કરી હતી.

મુખ્ય ન્યાયાધીશ એસ.એ.બોબડે, ન્યાયમૂર્તિ એ.એસ. બોપન્ના અને ન્યાયાધીશ વી.રામસુબ્રમણયમની ખંડપીઠે કાર્યકરો અને વકીલો દ્વારા દાખલ કરવામાં આવેલી અન્ય ઘણી અરજીઓ પર ૧૫ ઓક્ટોબરના રોજ પોતાનો ચુકાદો સુરક્ષિત રાખ્યો હતો.અરજીઓમાં દલીલ કરવામાં આવી હતી કે ઉત્તર પ્રદેશમાં ન્યાયી સુનાવણી શક્ય નથી, કેમ કે કથિત રીતે તપાસ બાધિત કરવામાં આવી છે.

પીડિત પરિવાર અને સાક્ષીઓને યૂપી સરકારે ત્રણ સ્તરની સુરક્ષા આપી છે. સાક્ષીઓ અને પીડિતના ઘરે સીસીટીવી લગાવવામાં આવ્યા છે. નાકા પર અને ઘરની બહાર પોલીસનો પહેરો છે. આ સિવાય સરકારે સીઆરપીએફની સુરક્ષા અપાવવાનો ભરોસો આપ્યો છે.

Published by Ajay Kantilal Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Ajay Kantilal Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 57

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## પંચમહાલ જીલ્લામાં છેલ્લા એક સપ્તાહમાં

# કોરોના સંક્રમિત કેસમાં ઘરખમ ઘટાડો નોંધાયો




ગોધરા,
પંચમહાલ જીલ્લામાં છેલ્લા એક સપ્તાહમાં કોરોના સંક્રમિત કેસમાં ઘટાડો થતાં જીલ્લા આરોગ્ય તંત્ર અને વહીવટી તંત્ર એ રાહતના શ્વાસ લીધો છે. કોરોના સંક્રમિત દર્દીઓ ઘટી રહ્યા છે. ત્યારે કોરોના ગાઈડ લાઈટની અમલવારી કરવામાં જીલ્લાવાસીઓના સહકારના પરિણામે કોરોના સંક્રમિત કેસમાં ઘટાડો થઈ રહ્યો છે.

પંચમહાલ જીલ્લામાં કોરોનાકાળમાં સંક્રમિત કેસ શરૂઆતના સમયગાળામાં માંડ એક બે હતા તે વધીને થોડા દિવસોમાં કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યા ગોધરા શહેર, ગ્રામ્ય, હાલોલ શહેર અને ગ્રામ્ય, કાલોલ શહેર, ગ્રામ્યમાં ખૂબ ઝડપી સંક્રમણ વધ્યું હતું. જેને લઈ જીલ્લા આરોગ્ય તંત્ર અને વહીવટી તંત્ર ચિંતીત હતું. જીલ્લાવાસીઓ કોરોનાકાળમાં કોવિડ–૧૯ના નિયમોનું પાલન યોગ્ય રીતે કરવામાં આવે તેવી જાગૃતિ લાવવામાં આવી હતી. જેને પરિણામે લોકોમાં પણ કોરોનાકાળમાં માસ્કનો ઉપયોગ તેમજ સોશ્યલ ડિસ્ટન્સનું પાલન કરી રહ્યા છે. પરિણામે જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસની સંખ્યા ઘટતી જોવા મળી છેલ્લા એક સપ્તાહમાં કોરોના સંક્રમિત કેસોની સંખ્યા ઘટતા જીલ્લા આરોગ્ય વિભાગ અને વહીવટી તંત્ર રાહતના શ્વાસ લીધો છે. પંચમહાઈલ

### કોરોના કાળમાં જીલ્લાવાસીઓએ માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સનું પાલન કરતાં કોરોના સંક્રમણ ઘટ્યું

જીલ્લામાં ૨૧ ઓકટોબર થી ૨૭ ઓકટોબર સુધીના ગાળામાં ૭૨ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. તેની સામે ૧૦૭ જેટલા દર્દીઓ સાજા થતાં રજા આપવામાં આવી છે. પંચમહાલ જીલ્લામાં કોરોનાકાળ દરમ્યાન કોરોના સંક્રમિત દર્દીઓના રીકવરી રેટ સારા જોવા મળ્યા છે. જીલ્લામાં જે પ્રમાણે કોરોના સંક્રમિત કેસમાં ઘટાડો થઈ રહ્યો છે. તે જોતાં પંચમહાલ જીલ્લો કોરોના મુકત થાય તે તરફ જઈ રહ્યું છે. ત્યારે પંચમહાલ જીલ્લાવાસીઓ કોવિડ–૧૯ની ગાઈડ લાઈન મુજબ માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સનું પાલન કરીને કોરોનાને નાથવામાં સહકાર આપીએ તે હાલમાં ઝડપી રીતે કોરોના સંક્રમિત કેસની સંખ્યા જોતા જરૂરી છે.

### પંચમહાલ જીલ્લામાં એક સપ્તાહમાં નોંધાયેલ કોરોના પોઝીટીવ આંકડા

| તારીખ | પોઝીટીવ કેસ | રજા અપાઈ | કુલ કેસ |
|---|---|---|---|
| 27 | 9 | 9 | 2736 |
| 26 | 8 | 8 | 2727 |
| 25 | 4 | 22 | 2719 |
| 24 | 9 | 19 | 2715 |
| 23 | 17 | 12 | 2706 |
| 22 | 17 | 222 | 689 |
| 21 | 9 | 15 | 2672 |
| કુલ આંકડા | 73 | 107 | 2736 |

## શહેરા માર્કેટીંગયાર્ડ પાસે પાનમ પાઈપ લીકેઝની કામગીરી બાદ મરામતના અભાવે અકસ્માતનો ભય


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,
શહેરા માર્કેટીંગ યાર્ડ પાસે ગોધરા તરફ જતા હાઈવે માર્ગ ઉપર પાનમ ની પાઈપ લાઈન લીકિજ ની કામગીરી ર્ક્યા બાદ યોગ્ય મરામત કરવામાં આવી નથી. હાઈવે માર્ગ પરથી પસાર થતા વાહનચાલકોને અકસ્માતનો ભય સતત સતાવી રહયો છે.કોઈ મોટી ઘટનાની રાહ સંબંધિત તંત્ર દેખી રહ્યુ છે કે શું.

શહેરા માર્કેટિંગ યાર્ડ પાસે લુણાવાડા થી ગોધરા તરફ જતા હાઈવે માર્ગ ઉપર પાનમ ની પાઈપ લાઈન લીકિજ હોવાથી તેની મરામત પાણી પુરવઠા તંત્ર દ્વારા થોડા દિવસો પહેલા કરવામાં આવી હતી. પાણી પુરવઠા દ્વારા પીવાના પાણીની લાઈનની મરામત ર્ક્યા બાદ હાઈવે માર્ગ ઉપર માટી ના ઢગલા હટાવવામાં આવ્યા નથી. તેમજ યોગ્ય પુરાણ પણ કરવામાં નહી આવ્યું હોવાનુ વાહન ચાલકો પાસેથી જાણવા મળ્યુ છે. આ હાઈવે માર્ગ દિલ્હી–બોમ્બે ને જોડતો હોવાથી નાના–મોટા વાહનો ની અવર જવર સતત રહેતી હોવાથી અહીથી પસાર થતા વાહનચાલકોને અકસ્માતનો ભય સતાવી રહયો છે. રાત્રી ના સમયે હાઈવે માર્ગ ઉપર સ્ટ્રીટ લાઈટો પણ નહી હોવાથી અમુક બાઈક ચાલકો માટીના ઢગલા પર ચડી જતા તેમના વાહનોને નુકસાન થવા સાથે તેમને પણ સામાન્ય ઈજા પહોંચતી હોય છે. આ હાઈવે માર્ગ ઉપર સ્થાનિક રાજ્ય અને બહાર ના રાજ્યના વાહન ચાલકો પોતાની કાર સહિતના વાહનો લઈ ને અહીથી પસાર થતા હોય છે. ત્યારે ટ્રક જેવા મોટા વાહનો સાથે ટોલ ટેક્ષ વસૂલતી એલ એન્ડ ટી કંપની સહિત અન્ય તંત્ર એ ઉપરોક્ત આ બાબતની કોઈ પણ ગંભીરતા અત્યાર સુધીમાં લીધી નથી.ત્યારે કોઈ મોટી ઘટના બને ત્યારબાદ હાઈવે માર્ગ ઉપર યોગ્ય કામગીરી કરાવશે કે શું ? હાઈવે માર્ગ ઉપર થી પસાર થતા વાહનચાલકો પણ માર્ગની મરામત યુદ્ધના ધોરણે કરવામાં આવે તેવી માંગ કરી રહયા છે.

## શહેરાના ખોજલવાસા કલસ્ટર પ્રા.શાળામાં મુખ્ય શિક્ષકનો વયનિવૃત વિદાય સમારંભ યોજાયો



શહેરા,
શહેરા તાલુકાની ખોજલવાસા કલસ્ટરની પ્રાથમિક શાળામા મુખ્ય શિક્ષક નો વિદાય સમારંભ કોવિડ – ૧૯ ની ગાઈડલાઈન મુજબ યોજાયો હતો. શાળાના શિક્ષકો દ્વારા મુખ્ય શિક્ષકના કામ અને પૂર્ણ સ્વભાવને બીરદાવી તેમને ખોટ પડશે તેમ જણાવ્યું હતુ. શહેરા તાલુકાની ખોજલવાસા ક્લસ્ટરમાં આવેલી ભક્તા ફળીયા પ્રાથમિક શાળામાં ૩૦ વર્ષ સુધી પોતાની નિષ્ઠાપૂર્વક ફરજ બજાવતા મુખ્ય શિક્ષક અભેસિંહ ગોપાલભાઈ બારીઆનો વિદાય સમારંભ કોવિદ – ૧૯ ની ગાઈડ્લાઈને ધ્યાનમાં રાખી કરવામાં આવ્યો. શાળા પરિવાર દ્વારા ઉપસ્થિત મહેમાનો નુ પુષ્પગુચ્છ આપીને સ્વાગત કરવામાં આવ્યું હતુ. આ કાર્યક્રમમાં ઈન્ચાર્જ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી સરદારસિંહ વણઝારા, બી.આર.સી.કો.ઓર્ડીનેટર ડો.કલ્પેશ આર.પરમાર,પગાર કેન્દ્ર આચાર્ય રામાભાઈ પાટીદાર, ક્લસ્ટરનો શિક્ષણ પરીવાર, સ્થાનિક અગ્રણીઓ, ગામ લોકો, એસ.એમ.સી.સભ્યો અને જમીન દાતા અને અભેસિંહનો પરીવાર ઉપસ્થિત રહી કાર્યક્રમને શોભાવ્યો હતો. વિદાય લેતા મુખ્ય શિક્ષકને શાળા પરિવાર દ્વારા વર્ષોની પરંપરા મુજબ ફળ અને ફૂલહાર પહેરાવીને શાલ ઓઢાડી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળા પરીવાર દ્વારા કરવામાં આવ્યું હતું. રામભાઈ, જયપાલસિંહ, સરદારસિંહ અને બી.આર.સી.કો. ઓર્ડીનેટર શહેરા ડો. કલ્પેશ પરમારે પ્રાસંગિક ઉદબોધનમાં અભેસિંહની ત્રણ દસકાની શૈક્ષણિક કામગીરીને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.અને ભકતા ફળીયા શાળા પરીવારને અભેસિંહની ગેર હાજરીની ખોટ કાયમ રહેશેનું જણાવ્યું હતું.

## ગોધરા સાતપુલ બ્રીજ નીચે ઝાડીઓમાં કત્તલના ઈરાદે રાખેલ ૬ ગૌવંશને પોલીસે બચાવ્યા

ગોધરા,
ગોધરા સાતપુલ બ્રીજ નીચે બાવળની ઝાડીઓમાં કત્તલના ઈરાદે ગૌવંશ ગોંધી રાખવામાં આવ્યા છે. તેવી બાતમીના આધારે પોલીસે રેડ કરી ૬ ગૌવંશને બચાવી લેવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા સાતપુલ બ્રીજ નીચે બાવળના ઝાડીઓમાં કત્તલના ઈરાદે ગૌવંશ ગોંધી રાખવામાં આવ્યા છે. તેવી બાતમીના આધારે પોલીસે રેડ કરી ૬ ગૌવંશ કિંમત ૧,૨૦,૦૦૦/ –રૂપીયાને છોડવી લેવામાં આવ્યા હતા. પોલીસ દ્વારા બચાવી લેવાયેલ ગૌવંશને પરવડી પાંજરાપોળ ખાતે મોકલી આપવામાં આવ્યા હતા. ગૌવંશને ગોંધી રાખનાર તાહેરા ઈલ્યાસ ભોલ ઉર્ફે ભાણીબેન, મોહમદ રફીક હુસેન ઓચુ ઉર્ફે ડુમરો વિરૂદ્ધ બી ડીવીઝન પોલીસ મથકે પશુ સંરક્ષણ અધિનિયમ હેઠળ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

## જાંબુઘોડાના કકરોલીયા ગામે IPL ની લાઈબ મેચનો સટ્ટો રમાડતા ત્રણ ઈસમોને ૩.૨૭ લાખના મુદ્દામાલ સાથે ઝડપ્યા



જાંબુઘોડા,
જાંબુઘોડાના કકરોલીયા ગામે રહેતા ઈસમ પોતાના ઘરમાં અન્ય બે મિત્રો સાથે મળીને આઈ.પી.એલ. ૨૦–૨૦ લાઈવ મેચ ઉપર સટ્ટા બેટીંગનો જુગાર રમાડતો હોય તેવી બાતમીના આધારે પોલીસે રેડ કરી ૩,૨૭,૯૧૦/–રૂપીયાના મુદ્દામાલ સાથે ત્રણ ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે જાંબુઘોડા તાલુકાના કકરોલીયા ગામે રહેતા નવીનભાઈ જીવનભાઈ બારીયા પોતાના ઘરે તેના અન્ય બે સાગરીતો કાર્તિકકુમાર ચિતરંજન ભટ્ટ તથા નિતિન ભાણાભાઈ ચૌહાણ રહે.બોડેલીની સાથે મળીને આઈ.પી.એલ. ૨૦–૨૦ લાઈવ મેચ ઉપર સટ્ટા બેટીંગનો જુગાર રમાડી રહ્યા છે. તેવી બાતમી પોસઈ આર.જે.જાડેજાને મળી હતી. બાતમીના આધારે પોલીસ દ્વારા નવિન જીવનભાઈ બારીયાના ઘરે રેડ કરી હતી. રેડ દરમ્યાન આઈ.પી.એલ.૨૦–૨૦ કિંગ્સ ઈલેવન તથા કોલકત્તા નાઈટ રાઈડર્સ વચ્ચે ચાલતી મેચનું લાઈવ પ્રસારણ જોઈ તેમજ ટીમની હારજીત સેશન ઉપર મોબાઈલના માધ્યમથી સટ્ટો જુગાર રૂપિયા વડે રમાડતા હતા. પોલીસે લાઈવ મેચ ઉપર સટ્ટો (જુગાર) રમાડતા નવિન બારીયા, કાર્તિક ભટ્ટ, નિતિન ચૌહાણને ઝડપી પાડ્યા હતા. ત્રણ ઈસમોની અંગઝડતીમાં રોકડા ૨,૨૧૦/–રૂપીયા મોબાઈલ ફોન નંગ–૭ કિંમત ૧૭,૦૦૦, એલ.ઈ.ડી. ટીવી કિંમત ૮,૦૦૦ રૂપીયા, સેટઅપ બોકસ કિંમત ૫૦૦ રૂપીયા, બાઈક, પ્લેઝર સ્કુટી તેમજ આઈ ટેવન્ટી કાર મળી કુલ ૩,૨૭,૯૧૦/–રૂપીયાના મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો હતો. આ બાબતે જાંબુઘોડા પોલીસ મથકે જુગારધારા હેઠળ ફરિયાદ નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

## કન્ટેનમેન્ટ ઝોનમાં ૩૦ નવેમ્બર સુધી યથાવત રહેશે લૉકડાઉન: ગૃહમંત્રાલય



ન્યુ દિલ્હી,
ગયા મહિને લોકડાઉન ૫ની ગાઈડલાઈન જાહેર કરી હતી. ત્યારે હવે ગૃહ મંત્રાલયે આ ગાઈડલાઈનને નવેમ્બર અંત સુધી લંબાવી દીધી છે. કેન્દ્ર સરકારે મંગળવારે આ માહિતિ આપી છે. સાથે જ કંટેનમેન્ટ ઝોનમાં ૩૦ નવેમ્બર સુધી લોકડાઉન લાગુ રહેશે. કેન્દ્રિય ગૃહ મંત્રાલયે જણાવ્યું કે એમએચએ દ્વારા આજે ઓર્ડર જાહેર કરવામાં આવ્યો છે, જે પ્રમાણે ૩૦ સપ્ટેમ્બરે જાહેર કરાયેલી ગાઈડલાઈન ૩૦ નવેમ્બર સુધી લાગુ રહેશે. તો સાથે જ ૩૦ નવેમ્બર સુધી કંટેનમેન્ટ ઝોનમાં લોકડાઉન પણ લાગુ રહેશે. કેન્દ્રિય ગૃહ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા નિર્ણય પ્રમાણે કોઈ પણ વ્યક્તિ કે સામાનને કોઈ પણ રાજ્યમાં અથવા તો એક રાજ્યથી બીજા રાજ્યમાં જવા પર કોઈ પણ પ્રકારનો પ્રતિબંધ નથી. ઉપરાંત તેના માટે અલગથી કોઈ પાસની જરુર પણ નથી. ઉલ્લેખનીય છે કે ગત ૩૦ સપ્ટેમ્બરે કેન્દ્ર સરકારે અનલોક ૫ માટેની ગાઈડલાઈન જાહેર કરી હતી. જે પ્રમાણે ૧૫ ઓક્ટોબરથી સિનેમા હોલ, એંટરટેનમેંટ પાર્ક અને સ્વિમિંગ પૂલ ખોલવાની અનુમતિ આપવામાં આવી હતી. જો કે સિનેમા હોલને તો ૫૦ ટકા ક્ષમતા સાથએ ખોલવાની મંજૂરી મળી છે. તો સ્વિંમિંગ પુલ પણ માત્ર ખેલાડીઓ માટે ખુલ્યા છે. તો શાળા અને કોલેજો ખોલવાને લઈને કેન્દ્ર સરકારે રાજ્યોને સ્વતંત્ર નિર્ણય લેવાનું કહ્યું હતું. ત્યારે હવે આ જ ગાઈડલાઈન નવેમ્બર મહિનામાં પણ લાગુ રહેશે. હવે છેક ૩૦ નવેમ્બરે સરકાર નવી ગાઈડલાઈન અથવા તો તેની સાથે જોડાયેલો નિર્ણય જાહેર કરશે.

## પક્ષપલટું ધારાસભ્યો પાસેથી ચૂંટણી ખર્ચ વસૂલવા હાઈકોર્ટમાં પીઆઈએલ

અમદાવાદ,
કેટલાક ધારાસભ્યો અંગત કારણ આપી કોઈએક રાજકીય પક્ષમાંથી રાજીનામુ આપી અન્ય પાર્ટીમાં જોડાતા હોવાથી ચૂંટણી પંચને ફરીવાર પેટા-ચૂંટણી યોજવી પડે છે જેથી પ્રજાના પૈસાનો નુકસાન ન થાય તે માટે પક્ષપલટું ધારાસભ્યો પાસેથી ચૂંટણી ખર્ચનો રકમ પરત વસૂલવાના નિયમો ચૂંટણી પંચ ઘડે તેવી માંગ સાથે જાહેરહિતની અરજી ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવી છે.

કોઈપણ બેઠક પર ચૂંટણી યોજવામાં ૧ થી ૨ કરોડ રૂપિયાનો ખર્ચ આવતો હોવાનું સામે આવ્યું છે. અરજદાર એડવોકેટ ખેમરાજ કોષ્ટિ દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવેલી જાહેરહિતની અરજીમાં રજૂઆત કરવામાં આવી છે કે ડિસ-ક્વોલિફિકેશનને ટાળવા માટે ધારાસભ્યો અંગત કારણો આપી એક રાજકીય પક્ષમાંથી રાજીનામું આપી અન્ય રાજનૈતિક પક્ષ સાથે જોડાઈ તેમની ટિકિટ પર ફરીવાર ચૂંટણીમાં ઉમેદવાર તરીકે ઉભા થાય છે.

પક્ષપલટુ ધારાસભ્યોના આ પ્રકારના અંગત લાભના લીધે પ્રજાના પૈસાનું નુકસાન થાય છે, જેથી કોઈપણ ધારાસભ્ય તેની ટર્મ પૂરી ના થાય ત્યાં સુધી રાજીનામું આપી શકે નહીં તેવા નિયમો ઘડવામાં આવે તેવી માંગ કરી છે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

માલીવાડ હિંમતસિંહ અમરસિંહ
મુ. ઓરવાડા, તા. ગોધરા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

બી.પી. પરીખ
મુ. કલાલ ઝાંપા, તા. કાલોલ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ધી શ્રેયસ ગ્રાહક સહકારી ભંડાર લી.
તૈયબી સોસાયટી-સ્ટેશન રોડ, દાહોદ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ધી દાહોદ ઝા. વિ.વ. મંડળી
શ્રી રામ કોલોની-ગોધરા રોડ, દાહોદ